ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૧-૨૦૧૪, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

ઋતુચક્ર એ કુદરતની ઘડિયાળ છે; એને છંછેડ્યામાં સાર નહીં!

'મહા મહિનાનું માવઠું' આપણી ભાષાનો રૂઢપ્રયોગ છે જે હવે નવી પેઢી માટે લગભગ વીસરાઇ ગયેલી ભાષા બની ગયેલ છે. આજકાલ ગુજરાતમાં ચોમાસા જેવું વાતાવરણ બની ગયું છે. ચૈત્રી પંચાંગ અનુસરા તો પોષ મહિનો પૂનમને દિવસે પૂરો થઇ ગયો લેખાય, એટલે આપણે ત્યાં ભલે આ પોષ મહિનાનું કૃષ્ણ પખવાડિયું ગણાતું હોય પંરતુ દેશના અન્ય હિસ્સાઓમાં તો એ માઘ માસનું પહેલું સપ્તાહ છે. મહા મહિનાનું માવઠું એ વણજોઇતો વરસાદ છે, એથી ફાયદો તો દૂર, તૈયાર થઇ રહેલા રવિ પાકને નુકશાન જ નુકશાન છે. ખેડૂત બિચારો માંડ સાંધાસલાડા કરી ફસલ તૈયાર કરે છે ત્યાં કુદરત એક જ ઝાપટું વરસાવી એનાં બદ્યા સપનાં રોળી ટોળી નાખે છે. મહા મહિનાનું આ કમોસમી માઠવું શિયાળું ખેતીને વેરવિખેર કરી દેશે. જીરૂં, ઘણું, વરિયાળી અને કપાસની ખેતીમાં ખેડૂતનું બજેટ બગડી જશે. વળી ધુમ્મસને કારણે માંદગી પણ વધશે. વહેલી સવારે વીસ ફૂટ છેટે કશું ન દેખાય એવું ગાઢ ધુમ્મસ જો ગાંધીનગરમાં છવાતું હોય તો હિમાલય નજીકના પ્રદેશોની શી દશા હશે? આવા વાતાવરણને કારણે ફ્લાઇટો રદ થાય છે, ટ્રેનો મોડી પડે છે અને માર્ગ અકસ્માતોમાં વધારો થાય છે. મનોવૈજ્ઞાનિકોએ તારણ કાઢ્યું છે કે શિયાળામાં માનસિક હતાશા (ડિપ્રેશન) પણ વધુ પ્રમાણમાં જોવા મળે છે. વૃદ્ધો માટે શિયાળો કાઢવો અઘરો બની જાય છે. મૃત્યુનું પ્રમાણ આ તંદુરસ્તીની મોસમમાં જ સૌથી વધુ જોવા મળે છે!

પરંતુ આપણે વાત માવઠાની માંડી હતી. મૂળે આ પણ ગ્લોબલ વોર્મિંગની જ ફલશ્રુતિ છે. ઋતુચક્રમાં અણધાર્યા ફેરફારો થવા લાગ્યા છે. જંગલી ફૂલો વહેલાં ખીલવા લાગ્યા છે. આંબે મહોર પર વહેલો આવી જાય છે. એથી લાંબે ગાળે કેવી વિકૃત અને વિપરીત અસરો જોવા મળશે એ વિશે વિશ્વસ્તરે સંશોધનકાર્ય ચાલી રહ્યું છે. એ પરથી તારણ નીકળ્યું છે કે જંગલી ફૂલોની અનેક પ્રજાતિઓ નષ્ટ થવાના આરે છે. ફળોમાં અને અનાજ કે કઠોળમાં ભારે સ્વાદ પરિવર્તન આવી ગયું છે. અગાઉની મીઠાશ એક દંતકથા બની રહેવાની છે, આતરે તો આ બધું સૃષ્ટિના વિનાશ તરફ દોરી જશે, એમાં કોઇ શંકા ખરી? એનાં માઠાં ફળ એની ભવિષ્યની પેઢીઓએ ભોગવવાં પડશે. પરંતુ માણસને એના ભવિષ્યની તો ચિંતા જ ક્યાં છે? એ ભોગવાદી બનીને કુદરતનું હદ બહારનું દોહન કરી એની ક્યારેય નહીં શમનારી ભૂખ સંકોરી રહ્યો છે.

ઋતુચક્ર એ પ્રકૃતિની પોતાની ઘડિયાળ છે. પ્રકૃતિની ઘડિયાળના કાંટા સ્વેચ્છાએ બલકે બળજબરીપૂર્વક આઘાપાછા કરી દઇને માનવી આખરે શું પામશે એ તો ભવિષ્ય જ કહી શકશે.

આપણે યોગ્ય વાતાવરણ પુરૂં પાડી, બાળકની અસીમ સંભાવનાઓને પાંગરવાની તક આપીએ

બાળકો રૂપી મુડીનું જતન અને સંવર્ધન આપણા હેયે છે. આપણા બાળકો શીલસંપન્ન, બુદ્ધિમાન અને ક્રિયાશીલ બને એ આપણા સહુનો ઉદ્દેશ્ય છે. બાળકોને આપણે આત્મવિશ્વાસથી છલકાતાં જોવા છે. એમનામાં સમાજને નેતૃત્વ પુરૂં પાડવાના ગુણો ભરવા છે. એમને સૂત્રધાર બનાવવા છે. પણ આ માટે અણથક, અવિરત પ્રયત્નોની જરૂર છે. કોઇએ વૈચારિક રીતે નિષ્ક્રિય રહેવું નહીં પાલવે. સમાજના પ્રત્યેક બાળકની ચિંતા કરતા કુટુંબોમાં હવે 'બાળ વિશ્વવિદ્યાલય' પણ આપની સાથે કુટુંબના છત્રની જેમ ક્રિયાશીલ બન્યું છે.

આપણે બધાએ મળી સંસ્કારોનું વાવેતર કરવાનું છે. બિયારણ સારૂં જોઇએ. બીજ સારૂં તો મોલ સારો.

રમેશ પારેખ કહે છે,

"કોનામાં લીલો મોલ લચી પડશે - શી ખબર!
સર્વત્ર મારા જીવનો વરસાદ કરી જોઉં."

સંસ્કારના વાવેતર માટે આપણે જીવસટોસટના પ્રયત્નો કરવા પડશે. વળી મકરંદ દવે કહે છે,

"વૈર્યા બીજ મેં તો છુટ્ટે હાથે, હવે જાણે તું ને જાણે વસુંધરા!"

આપણે બીજ તો વેરવા પડશે ને? બાળક રૂપી ધરતી તો ઉર્વરા છે જ! માત્ર યોગ્ય ખાતર-પાણીની જરૂર છે.

આપમે આપણાં બાળકોને ઊર્ધ્વગામી, પ્રગતિશીલ અને વિચાર - વૈભવસંપન્ન બનાવવા છે. અહીં વૈભવ એટલે -

- સ્વસ્થય સમાજજીવન
- સંસ્કારોની ઊંચાઇ
- જીવનમૂલ્યોનું જતન
સમર્પણની સાધના
- વ્યક્તિ નહીં, રાષ્ટ્ર મહાન
- જ્ઞાન - વિજ્ઞાનની આરાધના
- કલા - સાહિત્યનો જીવંત સ્પર્શ

આ વૈભવ જન્મે છે યોગ્ય કેળવણીમાંથી!

કાકાસાહેબ કાલેલકરના શબ્દોમાં... કેળવણી કહે છે -

હું સત્તાની દાસી નથી, કાયદાની દીકરી નથી, વિજ્ઞાનની સખી નથી, કળાની પ્રતિહારી નથી, અર્થશાસ્ત્રની બાંદી નથી, હું તો ધર્મનું પુનરાગમન છું. મનુષ્યમાં હૃદય, બુદ્ધિ તેમ જ તમામ ઇન્દ્રિયોની સ્વામિની છું. માનસશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર એ બે મારા પગ છે. કળા અને હુન્નર મારા હાથ છે. વિજ્ઞાન મારૂં - મસ્તિષ્ક છે. ધર્મ મારૂં હૃદય છે. સ્વાતંત્ર્ય મારો શ્વાસ છે. ઉત્સાહ અને ઉદ્યોગ મારાં ફેફસાં છે. ધીરજ મારૂં વ્રત છે. શ્રદ્ધા મારૂં ચૈતન્ય છે. હું જગદંબા છું.

ગુજરાતના ઘરે-ઘરમાં કેળવણી અને સંસ્કારની વિભાવના જો સ્પષ્ટ હશે તો સમાજની કાયાપલટ કરવી એ અઘરૂં નથી. ગુજરાતની જનતા સમજુ છું અને સંસ્કારક્ષમ છે. વિકાસની અવધારણાને સમજવાની એની તાકાત છે. માટે જ ગુજરાતની ભોમકામાં એક સંકલ્પ સાથે 'બાળ વિશ્વવિદ્યાલય' ક્રિયાશીલ બન્યું છે. 'બાળ વિશ્વવિદ્યાલય'તો સંકલ્પબદ્ધ અને પ્રતિબદ્ધ છે જ, પણ એના સંપર્કમાં આવેલી પ્રત્યેક વ્યક્તિનો પણ એવો જ મનોભાવ છે કે -

વાવવાં છે બીજ મારે બાળકોનાં દિલ મહીં,
વૃક્ષ થઇને ઊગશે ને નામ જિજ્ઞાસા ધરી!
જ્ઞાનરૂપી ફળ ફછી તો આવશે એ વૃક્ષ પર,
શીખવી દેશે સહજ જીવવાનું જિંદગી!
બીજમાં જેમ વટવૃક્ષ છુપાયેલું છે,
તેમ બાળકમાં શ્રેષ્ઠ માનવ બનવાની
અસીમ સંભાવનાઓ છુપાયેલી છે.

આપણે યોગ્ય વાતાવરણ પુરૂં પાડી, બાળકની આ અસીમ સંભાવનાઓને પાંગરવાની તક આપીએ.

મહાન સંભાવનાઓનુ નામ 'બાળક'
હર્ષદ પ્ર. શાહ

ગાંધીનગરમાં એનઆઈસીએમ દ્વારા ત્રિદિવસીય બે તાલીમ કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

ધી સેન્ટર ફોર પ્રોફેશનલ એકસેલન્સ ઈન કોઓપરેટીવ્ઝ, બેંક્સ ઈન્સ્ટીટયુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ, નાબાર્ડ, લખનૌ દ્વારા પ્રમાણિત તાલીમ સંસ્થા નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ કો ઓપરેટીવ મેનેજમેન્ટે ગાંધીનગરમાં ત્રિદિવસીય બેતાલીમ કાર્યક્રમું આયોજન હાથ ધર્યું છે. આ તાલીમમાં કો ઓપરેટીવ સોસાયટીના વહીવટીય અને નાણાંકીય સંચાલનમાં મહત્વની ભૂમિકા અદા કરતાં મેનેજર/ સેક્રેટરીને વિષયલક્ષી માર્ગદર્શન વિષય નિષ્ણાંતો પાસેથી પુરું પાડવામાં આવનાર છે.

ગાંધીનગરની નેશનાલ ઈન્સ્ટીટયુટ ઓફ કો.ઓપરેટીવ મેનેજમેન્ટ સંસ્થા દ્વારા શોર્ટ ટર્મ ટ્રેઈનીંગ પ્રોગ્રામ અને ઈફેકટીવ મેનેજમેન્ટ ઓફ ક્રેડીટ કો.ઓ. સોસાયટીઝનું આયોજન કરાયું છે. પ્રથમ કાર્યક્રમ તા. ૨૦-૧-૨૦૧૪ થી ૨૨-૧-૨૦૧૪ સુધીનો હતો જે પૂર્ણ થઈ ગયેલ છે જયારે બીજો કાર્યક્રમ ૩૦-૧-૨૦૧૪ થી ૧-૨-૨૦૧૪ સુધીનો રાખવામાં આવ્યો છે.

રાજયની પ્રાથમિક શરાફી ધિરાણ સહકારી મંડળીઓ તથા પગારદાર કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળીઓના પસંદીતા મેનેજર અથવા સેક્રેટરીને સોસાયટીના વહીવટીય અને નાણાંકીય સંચાલનમાં વિષય નિષ્ણાતો પાસેથી માર્ગદર્શન મળી રહે અને જેથી તેના સંચાલકીય સ્કીલ નોજેલમાં વધારો થાય. જેના પરિણામ સ્વરૂપે સોસાયટીના વહીવટીય અને નાણાંકીય સંચાલનમાં સર્વાંગી ગુણાત્મક સુધારો થઈ શકે અને કામકાજની અસરકારકતા વધે તેવો ઉત્તમ હેતુ સમાયેલો છે.

પ્રોગ્રામ ડાયરેકટર પ્રો.ડી.એમ. બાવરવાએ સોસાયટીઓને પાઠવેલા પત્રોમાં જણાવ્યા મુજબ સત્રસુચી અનુસાર આ કાર્યક્રમો સવારે ૮.૪૫ થી સાંજે ૫-૦૦ વાગ્યા સુધીના રાખવામાં આવ્યા છે. જેમાં કુ. લિપ્સા રાવલ-ફેકલ્ટી મેમ્બર, પ્રો. કે.વી. લકુમ-ફેકલ્ટી મેમ્બર, પ્રો. એમ.સી. પારેખ-ફેકલ્ટી મેમ્બર તથા જોઈન્ટ રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ વગેરે ગાંધીનગરના વિષય નિષ્ણાંતો હાજર રહી માર્ગદર્શન પુરું પાડી રહ્યા છે. પ્રથમ કાર્યક્રમ તા. ૨૨-૧-૨૦૧૪ના રોજ પૂર્ણ થયો છે અને હાજર સૌ કોઈએ મળેલા માર્ગદર્શનથી સંતોષ વ્યકત કરેલ છે અને શરાફી મંડળીઓ માટે હાલના સંજોગોમાં ખૂબ જ ઉપયોગી હોવાનો પોતાનો મત વ્યકત કરેલ છે.

ગુજકોસ્ટ સાયન્સ કલબના ઈન્ચાર્જ શિક્ષકોની તાલીમ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર દ્વારા ગુજરાતની ૨૦૦૦ માધ્યમિક શાળાઓમાં ગુજકોસ્ટ સાયન્સ કલબની સ્થાપના કરવામાં આવી છે. જેમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. તેવા શિક્ષકોની તાલીમ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે યોજવામાં આવશે.

વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ લઈ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે તે માટે નિસર્ગ સાયન્સ સેન્ટરે આ કાર્યની જવાબદારી પોતાના ખભા ઉપર લઈ કાર્ય કરે છે ત્યારે જિલ્લાની ૭૭ ગુજકોસ્ટ સાયન્સ કલબના ઈન્ચાર્જ શિક્ષકોની તાલીમ શિબિર તા. ૨૪ જાન્યુઆરી ગુરૂવાર સવારે ૭ થી ૧૨ કલાક દરમિયાન યોજવામાં આવશે. નિસર્ગ સાયન્સ સેન્ટર સેકટર-૨૩ ખાતે વિજ્ઞાનના વિષયો, બાયોટેકનોલોજી નેનોટેકનોલોજીપર વિદ્યાર્થીઓ સમાજને કેવી રીતે મદદરુપ થઈ શકે તેના પર વિસ્તૃત સમજ આપવામાં આવશે.

તેમજ આ કાર્યક્રમમાં સાયન્સ કલબના ઈન્ચાર્જ શિક્ષકો તેમની શાળાઓમાં તૈયાર થયેલા વૈજ્ઞાનિક કાર્યક્રમોની માહિતી અને અહવાલ રજૂ કરશે. કાર્યક્રમમાં સાયન્સ સેન્ટરના ટ્રસ્ટી અનિલભાઈ પટેલ માહિતી આપશે તેમજ વધુ માહિતી માટે ઓડિનેટર હાર્દિક મકવાણા ૯૪૨૬૪ ૫૧૧૦૨ પર સંપર્ક કરી શકાશે.

કલોલના અનન્ય વિદ્યાલય ખાતે 'સ્વામી વિવેકાનંદ' નાટક ભજવાયું

નાટકના માધ્યમથી સ્વામી વિવેકાનંદ વિશેનો પોતાનો દ્રષ્ટિકોણ બદલાયો હોવાનો એકરાર વિદ્યાર્થીઓએ કર્યો

ગાંધીનગર, તા. ૨૨

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી ગાંધીનગરના નાટ્યકાર કુંતલ નિમાવત દ્વારા લિખિત-દિગ્દર્શિત નાટક 'સ્વામી વિવેકાનંદ'નું ચોથું મંચન આજે કલોલમાં કાર્યરત અનન્ય વિદ્યાલય ખાતે યોજાયું હતું.

ઉલ્લેખનીય છે કે આ નાટકના ત્રણ પ્રયોગો દહેગામ, દંતાલી તથા વડુ ખાતે યોજાઈ ચૂક્યા છે, જ્યાં પણ આ નાટકને ખૂબ સારો પ્રતિભાવ મળ્યો હતો અને અને આ નાટકના માધ્યમથી સ્વામી વિવેકાનંદ વિશે ઘણી નવી વાતો જાણવા મળી હોવાનો પ્રેક્ષકોએ એકરાર કર્યો હતો.

આવો જ પ્રોત્સાહક પ્રતિભાવ નાટકને આજે કલોલ ખાતે પણ મળ્યો હતો. અનન્ય વિદ્યાલયના વિશાળ ઓડિટોરીયમમાં શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ સાથે બેસીને ન માત્ર આ નાટકને માણ્યું હતું, પરંતુ સતત તાળીઓના ગડગડાટથી વધાવ્યે પણ રાખ્યું હતું. પંદર કલાકારોના કાફલા સાથે ભજવાતું આ નાટક સૌને ખૂબ પસંદ પડ્યું હતું. ખાસ કરીને નાટકમાં સમાવાયેલાં સ્વામી વિવેકાનંદનાં ગીતો ઉપરાંત બાળ વિવેકાનંદ અને રામકૃષ્ણ પરપહંસ સાથેના સ્વામી વિવેકાનંદના જીવન પ્રસંગોને પ્રેક્ષકોએ ખૂબ વખાણ્યા હતા.

નાટકના માધ્યમથી સ્વામી વિવેકાનંદ વિશેનો પોતાનો દ્રષ્ટિકોણ બદલાયો હોવાનો એકરાર આ નાટક જોનારા ઘણા વિદ્યાર્થીઓએ કર્યો હતો અને નાટક ભજવનાર ગાંધીનગરના કલાકારોને ખૂબ વખાણ્યા હતા.

૩૦મીથી ધોરણ-૧૦ અને ૧૨ની પ્રિલિમનરી પરીક્ષા

પ્રિલિમીનરી પરીક્ષા વાર્ષિક પરીક્ષાના પરિણામ પહેલાનો લિટમસ ટેસ્ટ સમાન હોવાથી વિદ્યાર્થીઓ ગંભીર બન્યા

અમદાવાદ, તા.૨૨

રાજ્યની માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૧૦ અને ૧૨ની પ્રિલિમનરી પરીક્ષાનો પ્રારંભ ૩૦મી જાન્યુઆરીથી થઈ રહ્યો છે. પ્રિલિમીનરી પરીક્ષાના પરિણામ જેવું જ વર્ષના અંતની પરીક્ષામાં પરીણામ જળવાઈ રહેતું હોવાના કારણે આ પરીક્ષા વિદ્યાર્થીઓ માટે અતિ મહત્વની બની રહે છે જેથી તેનું વિશેષ મહત્વ આંકવામાં આવે છે. વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ માને છે કે, પ્રિલિમીનરી પરીક્ષા એ વાર્ષિક પરીક્ષાના પરિણામ પહેલાનો લિટમસ ટેસ્ટ છે.

૩૦મી જાન્યુઆરીથી ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ અને ધોરણ-૧૨ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની પ્રિલિમીનરી તેમજ ધોરણ-૧૧ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની બીજી સેમેસ્ટર પરીક્ષા શરૂ થશે. આ ઉપરાંત ૧૭મી ફેબ્રુઆરીથી ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે બે મરજિયાત વિષય તેમજ ધોરણ-૧૧ સાયન્સના બીજા સેમેસ્ટર તેમજ ધોરણ-૧૨ સાયન્સના ચોથા સેમેસ્ટરના વિદ્યાર્થીઓની શાળા કક્ષાએ લેવાની પરીક્ષા શરૂ થશે. ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટે યોજાતી પ્રખરતા શોધ પરીક્ષાનો ૧૦મી ફેબ્રુઆરીથી પ્રારંભ થઈ રહ્યો છે. આમ ઉચ્ચતર અને માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ફેબ્રુઆરી મહિનો પરીક્ષાલક્ષી બન્યો રહેશે. ૧૩ માર્ચથીગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની એલએમઆર પદ્ધતિના આધારે યોજાતી ધોરણ-૧૦ અને ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓના ચોથા સેમેસ્ટરની તેમજ ધોરણ-૧૨ કોમર્સ અને આર્ટ્સની પરીક્ષાનો પ્રારંભ થશે. ઉલ્લેખનીય છે કે, પ્રિલિમીનરી પરીક્ષા પૂરી થતાની સાથે જ વિદ્યાર્થીઓ રીડીંગ વેકેશન પાડી દેતા હોવાથી શાળામાં હાજરી આપવાનું બંધ કરી દે છે. જ્યારે પ્રિલિમીનરી પરીક્ષાની તેયારી માટે અત્યારે શાળામાં રીડીંગ વેકેશન આપી દેવામાં આવ્યું છે. એટલે ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓમાં અત્યારથી વેકેશનનો માહોલ જોવા મળી રહ્યો છે.

નાણાં ચુકવીને વિશેષ સુવિધા મેળવી હોવાનો સાધુનો દાવો

અમદાવાદ, તા.૨૨

ગુજરાત યુનિવર્સિટીની એમએ પાર્ટ વનની પરીક્ષામાં સ્વામિનારાયણ સંપ્રદાયના સ્વામી અક્ષરાતીત ચોરી કરતા પકડાયા હતા. હવે તેઓ અવનવા દાવાઓ કરીને વિવાદ સર્જી રહ્યા છે. આ સાધુ પકડાયા ત્યારે સ્વામીએ પોતે અભ્યાસ કરવા પરીક્ષાખંડ સિવાયના ખંડમા બેઠા હોવાનું નિવેદન આપ્યું હતું. પરંતુ હવે ફી ભરીને આ પરવાનગી મેળવી હોવાનું રટણ કરી રહ્યા છે. સાધુના આ જુઠ્ઠાણા સામે યુનિવર્સિટીએ કડક વલણ અપનાવવાનો નિર્ણય કર્યો છે.

ગુજરાત યુનિવર્સિટીની એમએ પાર્ટ-૧ની પરીક્ષામાં તત્વજ્ઞાનના પેપરમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સ્વામી અક્ષરાતીત અન્ય છાત્રો સાથે બેસીને પરીક્ષા આપવાને બદલે અલાયદા રૂમમાં પરીક્ષા આવી રહ્યા હતા. જે મુદ્દે એનએસયુઆઈ દ્વારા હોબાળો કરતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. આ મુદ્દે યુનિવર્સિટએ રંગેહાથે પકડાયેલા સ્વામી સામે પગલે લેવાના બદલે તપાસ માટે સમિતીની રચના કરી દીધી હતી. બીજી બાજુ પકડાયા ત્યારે સ્વામી અક્ષરાતીતે જણાવ્યું હતું કે, તેઓ અલગ રૂમમાં અભ્યાસ કરી રહ્યા હતા. આ નિવેદન તેમણે લેખિતમાં પણ આપ્યું હતું. પરંતુ હવે જ્યારે તેમની સામે કોપી કેસ મુદ્દે શું પગલા લઈ શકાય તે અંગે પરીક્ષા શુદ્ધિ સમિતિ વિચારણા કરી રહી છે. ત્યારે સાધુએ રંગ બદલ્યો છે અને તેમના તરફથી નવો દાવો કરવામાં આવ્યો છે. હવે તેમણે જણાવ્યું છે કે, તેમણે યુનિવર્સીટીને નાણા ચુકવીને આ પ્રકારે અલગથી બેઠક વ્યવસ્થા કરાવી હતી. આ અંગે તેમના શિષ્યએ જણાવ્યું હતું કે, સાધુ અક્ષરાતીતદાસને ડિગ્રીની જરૂર જ નથી. પરંતુ ભારતીય તત્વજ્ઞાનની ચકાસણી અર્થે તેઓ પરીક્ષા આપી રહ્યા છે. ડીગ્રી મેળવીને સ્વામીને કોઈ નોકરી ધંધો કરવાનો નથી. તેથી તેમણે અલગ બેઠક વ્યવસ્થાની માંગણી કરી હતી અને તે મુજબ તેમને અલગ રૂમ ફાળવ્યો હતો. આ માટે તેમણે યુનિવર્સિટીમાં ફી પણ ભરી હતી. આ અંગે યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ મુકુલ શાહનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે, સાધુને અલગ પ્રકારની બેઠક વ્યવસ્થા ફાળવવા માટે મારી પાસે કોઈપણ પ્રકારની મંજુરી લેવાઈ નથી. રજીસ્ટ્રાર કે ઉપકુલપતીની પણ મંજુરી લેવાઈ નથી. તેથી આ નિયમ ભંગ છે. આ ઉપરાંત યુનિવર્સિટીના કર્મચારી હિતેષ ગઢવી સાધુ પાસે પરીક્ષાખંડમાં હાજર રહ્યો પણ નિયમભંગ છે. તેથી યુનિવર્સિટીએ તેમની સામે કોપી કેસ કર્યો હતો. આ મામલે કોઈ ઢીલી નિતી અપનાવવામાં નહીં આવે.

'કરો કંકુના' જીવનસાથી પસંદગી મેળો

ગાંધીનગર, તા.૨૨

ગુરૂકૃપા એજયુકેશન ટ્રસ્ટ આજોલ દ્વારા અનુસૂચિત જાતિના યુવક યુવતીઓ માટે જીવનસાથી પસંદગી મિલાપ કરો કંકુનાનું આયોજન તા. ૨૨ ફેબ્રુઆરી શનિવાર બપોરે ૨-૦૦ કલાકે ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ સેકટર-૧૨ ખાતે યોજાશે.

અનુસૂચિત જાતિના વિધવા, અપંગ, છુટા-છેડા કુંવારા યુવક યુવતિઓ આ કાર્યક્રમમાં ભાગ લઈ શકશે. લગ્નોત્સુક યુવક યુવતિઓએ પોતાનો બાયોડેટા ધીરજ રોહિત, પ-બી, સુમનપાર્ક સોસાયટી, કલોલ ખાતે તા. ૧૮ ફેબ્રુઆરી સુધી મોકલી આપવાના રહેશે.

રાઈટીંગ કોમ્પીટીશન યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

શહેરની ઈન્ફોસીટી સ્કૂલ ખાતે રાઈટીંગ કોમ્પીટીશનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ઈંગ્લિશ મિડીયમ અને ગુજરાતી મિડીયમમાં અભ્યાસ કરતા ધોરણ-૬ થી ૮ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ગુજરાતી માધ્યમની વિદ્યાર્થિની ક્રિપલ પટેલ અને ઈંગ્લિશ માધ્યમમાં મુરલીએ પ્રથમ નંબર મેળવ્યો હતો.

કલોલની હોલી ચાઈલ્ડ સ્કૂલમાં વિચાર સંધ્યાનું આયોજન

કલોલ, તા.૨૨

કલોલની હોલી ચાઈલ્ડ સ્કૂલમાં દર વર્ષની માફક આ વર્ષે પણ વ્યકતવ્ય કાર્યક્રમ 'વિચાર સંધ્યા'નું આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમ તા. ૨૬મી જાન્યુઆરીએ સાંજે ૬ થી ૮ વાગ્યા દરમિયાન શાળા પ્રાંગણમાં યોજાશે. આ વિચાર સંધ્યામાં કવિ-ગઝલકાર હર્ષ બ્રહ્મભટ્ટ તેમજ કવિ-સાહિત્યકાર રાજેશ વ્યાસ 'મિસ્કીન' અતિથિ વકતા પદે ઉપસ્થિત રહી તેમના વિચારો વ્યકત કરશે.

રોટરી ક્લબ દ્વારા જીવનમાં મૂળભુત પડકારોનો સામનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર અને ગેઝીયાના સંયુક્ત ઉપક્રમે જીવનમાં આવતા મુળભૂત પડકારોનો સામનો વિષય પર તા. ૨૫ જાન્યુઆરી શનિવાર, સાંજે ૭.૦૦ કલાકે કાર્યક્રમ યોજવામાં આવશે.

ગેઝીયા હોલ સે. ૨૫ ખાતે યોજાનાર કાર્યક્રમમાં બેંગ્લોર ઈસ્કોન મંદિરના ભક્તિ વેદાંત સ્વામી વૈદિક પદ્ધતિથી પડકારોનો સામનો કેવી રીતે થાય તેની વિસ્તૃતમાં માહિતી આપશે.

કાર્યક્રમમાં અક્ષયપાત્ર ફાઉન્ડેશનના પ્રતાપરૂદ્ર દાસા દ્વારા વૈદિક પદ્ધતિથી પડકારોનો સામનો મા ઓડિયો વિઝ્યુઅલ કાર્યક્રમમાં સહયોગ પુરો પાડશે. કાર્યક્રમમાં હાજર રહેનાર સભ્યોએ રોટેરિયન દિલીપભાઈ પટેલનો સંપર્ક કરવા જણાવ્યું છે.

ગાંધીનગરમાં ઓલ ઈન્ડિયા મુશાયરાનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના સે-૧૨માં આવેલ ડૉ. આંબેડકર હોલ ખાતે તા. ૨૫મી જાન્યુઆરીએ સાંજે ૮.૩૦ વાગે 'ઓલ ઈન્ડિયા મુશાયરા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ મુશાયરામાં મુખ્યમંત્રી કાર્યાલયના એડીશનલ સેક્રેટરી હર્ષ બ્રહ્મભટ્ટ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ગાંધીનગર મનપાના ભૂતપૂર્વ ડેપ્યુટી મેયર યુસુફભાઈ પરમાર અને ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ એડવોકેટ હાશીમ કુરેશી અતિથિ વિશેષ પદે હાજરી આપનાર છે. આ મુશાયરાનું આયોજન સે-૨૯થી પ્રકાશિત થનાર ઉર્દુ દૈનિક અમન-એ-વતન દ્વારા પ્રજાસત્તાક દિન નિમિત્તે કરવામાં આવ્યું છે.

ઓમકાર સ્કુલનો એક દિવસીય પ્રવાસ

ગાંધીનગર, તા.૨૨

લેકાવાડા ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવાસમાં કેજીથી ધોરણ-૨માં અભ્યાસ કરતા બાળકો જોડાયા હતા. બાળકોએ શહેરના સેકટર-૬ ખાતે ચાલતા રાજમહેલ સર્કસની મુલાકાત લીધી હતી. જેમાં બાળકો માનવી અને જાનવરો દ્વારા કરવામાં આવતા કરતબોથી ખુબ જ રોમાંચિત થઈ ગયા હતા.

એક્સપાયરી ડેટ બાદના ચોકલેટોનો નાશ કરાયો

અમદાવાદ, તા.૨૨

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના હેલ્થ ફ્લાઈંગ સ્કવોડ દ્વારા બુધવારના રોજ ફાલ્ગુનભાઈ ઉપેન્દ્રભાઈ મહેતા, ઉન્નતિ સેલ્સ એજન્સી, દુકાન નં.૧ અને ૨, હરે ક્રિષ્ના કોમ્પલેક્સ, રેલ્વે ક્રોસીંગ પાસે, વટવા, અમદાવાદવાળી જગ્યાએ ફુડ સેફ્ટી ઓફિસર દ્વારા તપાસ કરતાં એક્સપાયરી ડેટ વીતી ગયા બાદ પારલે મેંગો બાઈટ ચોકલેટ, પારલે મેલોડી ચોકલેટ, સોફ્ટી એકલેર્સ જેવી જુદી-જુદી બ્રાન્ડની ચોકલેટનો જથ્થો મળી આવ્યો છે. આમ, ઉપરોક્ત દર્શાવેલ કુલ ૨૫.૪૦૦ કિલોગ્રામ એક્સપાયરી વીતી ગયા બાદનો ચોકલેટના મુજબ મ્યુનિસિપલ ડમ્પ સાઈટ ઉપર નિકાલ કરવામાં આવેલ છે. ફુડ બિજનેશ ઓપરેટર પાસેથી રૂા. ૧૫૦૦૦ વહીવટી ચાર્જ વસુલાત લેવામાં આવ્યો છે. તેમજ પેકેજીંગ એન્ડ લેબલીંગ રૂલ્સ મુજબની નોટિસ પાઠવવામાં આવેલ છે.